૧V / ૧૯ ૯૬

"દેલવાડાકર સીરિઝ."

સ્ત્રી કેળવણી.

પ્રાચીન અર્વાચીન આર્ય સ્ત્રી કેળવણી વિષય નિબંધ.

"નવલગંગા—દ્વીતિય ભાગ માંથી"

લખનાર—ગોપાળજી કલ્યાણજી દેલવાડાકર
જરથોસ્તી છોડીયોની નિ. મં હ. નિશાળોનો ગાયન શિક્ષક.

વસંત તિલકા.

સંસાર સાગર તણો સમજૂ ખલાસી,
સોખાણી આ ભવ સુનાવ તણો પ્રવાસી;
તોફાની સિંધુ મહિં નાવ તરાવ વાસી,
તે શુદ્ધ કેળવણીથી જગમાં પ્રકાશી.

સરસ્વતી મુદ્રાયંત્રમાં મુદ્રાંકિત.
ઇ. સ. ૧૮૯૬. વિ. સ. ૧૯૫૨

"દેલવાડાકર સીરિઝ."

થોડાજ વખતમાં પ્રગટ થશે.

સરોઝની.

કરૂણાજનક સ્ત્રી સંસારિક કાદમ્બરી.

સચિત્ર-નવલ કથા.

લખનાર-ગોપાલજી. ક. દેલવાડાકર.

"પતીનાં સુખમાટે, પોતાનું સર્વસ્વ સુખ તજીને, અને પૈસા ટકા રાજમેહેલ, સગાં સ્નેહી, એટલુંજ નહિ પણ પોતાનાં પ્યારાં બચ્ચાંને છોડીને દેશવટો લઇ, અંતે એજ સાહસિક ધણીનો પાયમાલ થયેલો સંસાર સુધારનાર પવિત્ર સુંદરી **સરોઝનીએ** આર્ય સ્ત્રીઓમાં સદ્‌ગુણશાલિની સ્ત્રી તરીકે ઉત્તમ પ્રશંસા મેળવીછે."

નામ નોધાવવાનું ઠેકાણું-"**માસિક મજાહ**" ઓફીસ-તારદેવ.

એન. એમ. કુંપની—કાલબાદેવી રોડ.

સ્ત્રીકેળવણી. *

નાના બાળકથી તે વૃદ્ધોવયના માણસો પણ કહી શકશે કે આ દુનિયાનો ઉદ્ધાર અને મંડાણ સ્ત્રી થકી છે, જ્યારે દરિયામાંહે વહાણ ચલાવવાને ખલાસીઓ કુશળ હોવા જોઇએ, જ્યારે રેલ્વે ચલાવવાને હુશિયાર ઇન્જનેર જોઇએ, અને જ્યારે રાજકારભાર ચલાવવાને પંડિત પ્રધાન જોઇએ, તેમ સંસાર ચલાવવાને કેળવણી પામેલી સ્ત્રીની ખાસ જરૂર હોવીજ જોઇએ. જ્યાં સુધી કેળવાયલી માતા ન હોય, ત્યાં સુધી તેની ઉપરની પ્રજા ચપળ થઈ શકે, એ બનવા જોગ કેમ હોય? મનની કેળવણી આપવાને જોકે શાળા સંપાદન કરવાની બાળકને જરૂર પડે છે, પણ તનની કેળવણી આપવાને તો ખાસ કેળવાયલીજ માતાની જરૂર પડે છે. એક અભણ માતા બાળકને શું કેળવી શકે? અલબત બચ્ચાનું રક્ષણ અને પોષણ કરવાને તો અનાથ પશુ પક્ષીઓ પણ બાહોશ હોય છે. પરંતુ માણસ જાત તેથી ચડતી પંક્તિનાંછે, તો તે પ્રમાણે ઉત્તમ પ્રકારે કાં માતા પોતે કેળવણી લઇને પોતાનાં બચ્ચાંને ન કેળવે? એક કેળવાયલી માતા આ દુનિયાની વિચીત્ર પ્રજાને કેટલી ઉપયોગી છે? બાળપણથી મળેલી મા-

---

*સ્ત્રીકેળવણી વિષેનું મારૂં ભાષણ દેલવાડા ખાતે તા. ૧૯ મી મે ૧૮૯૫ ને દીને થયું હતું. મી૦ **રાજારામ મોતીરામ બુચ** (ઊના વહિવટદાર) તથા મી૦ **માધવરાય જેઠાભાઈ બક્ષી**, મી૦ **દામોદરદાસ જગડ**, અને **ડૉકટર હરિશંકરભાઈની** મદદથી મને જે તક મળી હતી, તેનો રિપોર્ટ મુંબઇનાં કેટલાંક વર્તમાન પત્રોમાં છપાયો હતો, તે ઉપરાંત "**માસિક મજાહ**" ના બે અંકમાં આખું ભાષણ છપાયેલું હતું.

કર્ત્તા.

તાની તાલીમથી પુત્ર વા પુત્રી આ સંસારને કેટલો ફાયદો કરી શકે છે? અને વિદ્વાન તથા અનુભવી માતા પોતાની પ્રજાના હિતને માટે તેને કેટલી જાતનો બોધ આપી શકે છે? એ જાણવું બહુ કઠીણ નથી. કેમકે આપણે સહજ અનુભવી વા જોઇ શકીએ છઇએ. કે કેળવાયલી સ્ત્રીથી આ સંસાર સુખમય છે. અભણ સ્ત્રીઓનો સંસાર કદી પણ સુખમય છેજ નહિ. અને જ્યારે દુઃખમય છે, તો પછી સુખ મેળવવાને પ્રયત્ન કરવો એ દરેક સ્ત્રીપુરૂષનું પુરૂષાર્થ છે.

આપણો હિંદુ સંસાર સ્ત્રીકેળવણીથી અત્યંત પશ્ચાત છે. ઘણા સાદા અને જુના રીવાજના ગૃહસ્થો સ્ત્રી કેળવણીથી વિરૂદ્ધ જાય છે; અને કેટલાક અજ્ઞાની અને અણઘડ આવો તો કહે છે કે સ્ત્રીને ભણાવવાથી ઘરમાં દારિદ્ર પેસે છે. બરકત ઉડે છે. ઘર ઊડી જાય છે. સંસાર ધુળ મળી જાય છે. અને કાં તો સ્ત્રી રંડાય છે. વા દુર્ગુણી થાય છે કે વ્યભીચારી બને છે. જ્યારે આવા ખોટા વિચારો અને ધિક્કારવા લાયક વ્હેમોથી જો મોટો ભાગ ભરેલો હોય, તો હિંદુ સંસારનો ઉધ્ધાર કેમ થાય? શું સ્ત્રીઓ કેળવાયલી હોય તો ઊપલા અજ્ઞાનીઓના વિચારો ખરા પડી શકે? સ્ત્રીઓને જો ખરી કેળવણી મળી હોય તો શું આ દુનિયાં અને સંસાર સુખમય ન થાય? અલબત આજકાલ અપૂર્ણ તુલના કરનારા કેટલાક આર્ય ભાઇઓ "મીયાં ભાઇના નાડાં" પેઠે એકજ મતપર પ્રસરે તો કદી તેમ થઇ શકે. પણ એજ માનવું ભૂલ ભરેલું છે. જોકે આજકાલ જે કેળવણી આપવામાં આવે છે. તેનો મોટો ભાગ અપૂર્ણ અને બીજો અંગ્રેજી કેળવણીનો છે. અંગ્રેજી કેળવણી મોટા સુધારાપર અને છુટાપણાં પર જાય છે. જો કે તે અંગ્રેજ સુધારાને અને સંસારને અનુસરે છે, પણ આપણો સંસાર તેને લાગુ પડે નહિ, માટે તેઓના સંસારી ખ્યાલોપર જઇને એક ખોટું મત બાંધીને બેસવું, અને એવા નાદાન પક્ષ બાંધીને આપણે આપણા સંસારને અજ્ઞાન રાખવો, એ ડાહાપણ ભરેલું નહિ, પણ જોખમ ભરેલું છે.

જો આપણી બાળકીઓને પ્રાચીન રીતિ રીવાજને અનુસરીને શિક્ષણ આપવામાં આવે, તો આપણો સંસાર પારસીઓ અને અંગ્રેજોના સંસારથી સેંકડો દરજ્જે વધુ સુખમય બની શકે. આજની કન્યાશાળાઓમાં

જે કેળવણી આપવામાં આવે છે, તેમાં પ્રાચીન રીતિ ને રીવાજો, ધર્મબોધ અને સંસારીક બાબતો મગજમાં ઠસાવવામાં આવે. તોજ સંસાર સુધરી શકે. સ્ત્રીઓને જે શિક્ષણ આપવામાં આવે છે, તેની અસર સંતતીને અવશ્ય થાય છે. જોકે તે બાળકને માતા તરીકે શિક્ષણ આપે છે. તે પેહેલાં બાળક જ્યારે ગર્ભમાં હોય છે, ત્યારે પણ સ્ત્રીના મનના શુદ્ધાશુદ્ધ વિચાર, યોગ્ય શકિત, અને શિક્ષણ, બાળકને મગજમાં ઠસી જાય છે, માટે આ સૃષ્ટિનો વધારો કરવાને તે વીર સ્ત્રી શિક્ષણની જરૂર છે. કેમકે ગર્ભમાં બાળકો તિક્ષ્ણ બુદ્ધિવાળાં હોય તો તેને કેળવણી મળ્યા પછી, ધડાયલી તરવારને સજાવવાનીજ વાર રહે.

બાળકીઓને જો અપૂર્ણ કેળવણી મળે, એટલે કે માત્ર બે ત્રણ ગુજરાતી ચોપડીનું સાધન થયા પછી આઠ નવ કે દશ વર્ષની ઉમરમાં બાળ લગ્ન કરવાના લોભમાં પડીને માબાપ શિક્ષણ બંધ કરે, તો અલ્પજ્ઞાન અને અતી હાણ કાં ન થાય! આવા કંગાળ શિક્ષણમાં એ ભવિષ્યની માતા પોતાનાં નિર્દોષ બાળકોને શું તાલીમ આપે? અને આ સારા લેખકોના સ્ત્રી સંસારી સુધારણાના લેખનું શી રીતે અવલોકન કરી શકે? એવી અપૂર્ણ જ્ઞાની બાળા, પોતાના ધર્મનું રહસ્ય કેમ જાણી શકે? માટે દરેક માબાપની ફરજ છે કે કન્યાને ગૃહિણી યોગ્ય બનાવવી. સારા ભાગ્ગે આપણા હિંદુ સંસારમાં પારસીઓ જેવો લેભાગુ સુધારો પ્રસર્યો નં નહિ તો ગરીબ વર્ગને એ સુધારો ભારી પડે. આપણા સંસારમાં કળા, અને ધાન્યપ્રેક્ષતા તથા વસ્ત્ર હાથે ધોવાની અને કાઢવાની પણ આદત પાડવામાં આવે છે. વળી પારસીઓમં ધણુકળા પણ બહાર શાળામાં શીખવાડવી પડે છે. અને ભાગ તે ઉપર લક્ષજ આપતો નથી. એ કરતાં આમણો સંસાર ભાગ્યવાન છે. તો હવે માત્ર કેળવણી અને ધર્મબોધ ના રહી છે, અને તે ઉમરના પ્રમાણની છે, તો તે માટે યોગ્ય ગો વી જરૂરની છે.

આ પ્રમાણે જોતાં જો સ્ત્રી સુશિક્ષિત હોય તો તેના બાળકો ગર્ભમાંથીજ સારાં અવતરી શકે, ચિકિત્સક, બુદ્ધિમાન, અને ભાગ્યશાળી બાળકો થવાનું મુળ કારણ માતાજ છે. આ વિષે આપણે ઘણા દાખલા મેળવી શકશું. સુભદ્રાના ઉદરમાં જ્યારે અભીમન્યુનો ગર્ભ હતો, અને તેણે જે

કથા સાંભળી હતી, તે, અને તે સમયે તેને જે અંકુરો ઉત્પન્ન થયા હતા, તે સર્વે અભીમન્યુના મગજમાં વાસ કરી રહ્યા હતા. વળી ઓનરેબલ એસ. ફાઉલરે પોતાના "Love and parentage" નામના પુસ્તકમાં લખ્યું છે, કે પ્રસિદ્ધ ગણિતવેત્તા જીરા કોલવારન જ્યારે ગર્ભમાં હતો, ત્યારે તેની માને રાત્રે જાગીને કેટલાક હિસાબો ગણવા પડતા, તેથી તેનો પુત્ર ગણિત શાસ્ત્રી થયો હતો. બેસ્ટનના એક પ્રખ્યાત વકીલના ઓરડામાં નેપોલીઅન બોનાપાર્ટનાં ચિત્રો છે, તેથી તેની માતા ભવિષ્યમાં નેપોલીઅનની લડાઈનું વર્ણન વાંચવામાં ઘણોજ પ્રેમ દેખાડતી, તેથી તેના બાળકને વકીલ અવસ્થામાં લડાઈની ઇચ્છા પ્રબળ થઈ હતી. મીસીસ પેન્ડલ વિશે એમ કહે છે કે તેણીએ પોતાના પાંચમી વખતના ગર્ભ વખતે વિદ્યા ચર્ચામાં મન લગાડયું હતું. તથા સાહિત્ય અને વિજ્ઞાનનાં ભાષણો સાંભળવામાં મન રોકતી હતી, તેથી તેનો પુત્ર તેવોજ વિદ્વાન થયો હતો. ડાક્ટર ફાઉલર પોતાના (લવ એન્ડ પેરનટેજ એપ્લાઇડ ટુ ધી ઇમ્પ્રુવમેન્ટ ઓફ સ્પ્રીંગ્સ) નામના પુસ્તકમાં લખે છે કે—ગર્ભ સંચાર થવાની સાથે માતા પોતાના સ્વભાવનો મોટો ભાગ બાળકોને આપી શકે છે. અગર જો માતા અ-[illegible]ય તો, તેનું બાળક આળસુ અને મુર્ખ થાય છે. આ માટેજ સ્ત્રી [illegible] જરૂર છે.

મોહન સ્ત્રીશિક્ષણ પદ્ધતિ શાળામાં (ટ્રેનીંગસ્કુલમાં) એક [illegible] વખ[illegible] [illegible]મનો મેલાવડો થયો હતો. ત્યાં દક્ષિણ મલબારના જડ-[illegible] પત્નિ મ[illegible] [illegible]ન્સને જે અગત્યનું ભાષણ કીધુંછે, તે અવસ્ય દેશી રીતભાતથી [illegible] મનુષ્યોને મનન કરવા જેવું છેજ, પણ જાણ-કારને પણ જાણવા જ[illegible] એક બાજુએ એક ઇલાકાનો વડો હાકેમ સ્ત્રીશિક્ષણ માટે બોલેછે, બીજી બાજુએ એક સ્ત્રી બોલેછે. બન્નેના વિચાર ચિત્ર જોવા જોગછે—એમ ધારી તે વિષય નીચે આપીએ છીએ.

આ શાળાની કન્યાઓ કામ કરતી હોયછે, તે વખતે આવી, તેમને જોવાથી મને ઘણો આનંદ થાયછે, તે પ્રસંગે તે સઘળી ઉદ્યોગી, આનં-

દી અને હાવકી જેવી જોવામાં આવતી હતી. તેઓ શાળામાં આવેછે, તે ફક્ત લખતાં વાંચતાં અને કામકરતાં શિખવાને આવતી નથી, પણ તેઓ ભલી થાય, તેઓની વર્તણુક દૃઢ થાય, અને તેઓ સારો વિચાર કરી શકે અને સારાં કૃત્ય કરી શકે, એવા પ્રકારની તેમને તાલીમ મળે, તેટલા માટે તેઓ આવેછે. જો કે હાલમાં તેઓ નાની છોકરીઓ છે, તોપણ તેમના ઉપર અને સામાન્યરીતે હિંદુસ્થાનમાં ભણતી કન્યાઓ ઉપર ઘણો આધાર રહેલોછે, જે કન્યાઓને કેળવણી મળી નથી, તેમના કરતાં આવી કન્યાઓ ઘર આગળ પોતાના ધણીને અને માબાપને વધારે ઉપયોગી થઇ પડશે. વધારે વિચારશીળ અને આત્મસંયમ કરી શકનારી, તેમજ ઓછી વઢવાડીઆણ અને વાતુડી તથા ગામ ગપાટામાં આનંદ ન જાણનારી જણાશે, અને વળી પાંચ રૂપીઆના દાગીના કરતાં બે રૂપીઆનું પુસ્તક વધારે પસંદ કરનારી અને તેમાં વધારે આનંદ લેનારી માલમ પડશે, તો બેશક તેમના પોતાનાથીજ સ્ત્રી કેળવણીનો ફેલાવો ઘણો થશે, આમ થવાથી આ બાબતની હીલચાલ લોકો તરફથીજ થશે; અને તેમાં વધારો થશે. કેળવણીનો હેતુ વર્તન—વર્તણુક છે. પોતાના ઘરમાં આવી કન્યાઓએ બતાવી આપવું જોઇએ કે શાળામાં ભણવા જવાથી તેઓ વધારે સત્ય બોલનારી, વધારે મદદ કરનારી, અને વધારે નમ્ર થઇછે. શાળામાં નિયમિત રીતે હાજર રહેવું, એ મોટી ને અગત્યની વાત છે. એ પ્રમાણે શાળામાં આવવા દેવા માટે બાળકો પોતાનાં માબાપને હમેશાં કહી શકશે, અને પોતાની ઘર આગળની વર્ત્તણુકથી બાળકો જો બતાવી આપશે, કે શાળાની વ્યવસ્થા અને કામને લીધે તેમનો ફાયદો થાયજ છે, તો પોતાના બાળકોને શાળામાં મોકલવા ના પાડે અથવા હઠ કરે તેવાં માબાપ ઘણાં નિકળે એમ નથી. અલબત હાલમાં આ શાળામાં કન્યાઓની સંખ્યા જોઇએ તેટલી નથી. આ શાળા ઘણી અગત્યની છે, તો હાલમાં જે બેપરવાઇ કે બેદરકારી જોવામાં આવેછે, તેનું મૂળ કારણ શું છે? મી. ચેનસલરાવે મદ્રાસમાં કહ્યું હતું કે, સ્ત્રીઓના અજ્ઞાનપણા માટે હું આપણા

કેળવણી પામેલા પુરૂષોને મુખ્યત્વ કરીને જોખમદાર ગણુંછું. કાલીકટ-ના સઘળા વિદ્વાન પુરૂષો સ્ત્રીકેળવણી માટે ખરા ઇન્તેજાર હોય, તો આ અને બીજી શાળાઓ તુરતજ ભરાઇ જશે, અને તેમાં પુરતી જગ્યા રહેશે નહિ. એક છોકરાને કેળવણી આપવાથી એક વ્યકિત કેળવણી પામેલી થાયછે, પણ એક કન્યાને કેળવણી આપવાથી એક કુટુમ્બ કેળવણી પામેલું થાયછે! આ કહેણી ઘણી જગ્યાએ કહેવામાં આવેલીછે, તેમછતાં પણ ફરી ફરીને કહેવાથી તે જરા પણ નિરસ લાગતી નથી, જો છોકરાઓની માતા અને બહેનો ઘર આગળ અંગ્રેજી બોલતી હોય તો તેમને અંગ્રેજી શીખવું કેટલું સહેલું થઇ પડે? અંગ્રેજી બોલી શકેછે, એવી જે સ્ત્રીઓને હું ઓળખુંછું, તે સઘળી અંગ્રેજી સરસ બોલેછે, અને તેઓ સુધરેલી, ઉમદા મનની અને મર્યાદા જાળવનારી સ્ત્રીઓછે. જે ભાષાતત્વથી દુનિયાના મોટા ભાગની ભાષા થવા લાગી છે, તેનું જ્ઞાન મેળવવાથી કોઇ પણ રીતે બગડવાને બદલે તેઓ દરેક પ્રકારે સુધરેલી જણાયછે.

જો કેળવણી પામેલા ગૃહસ્થો કન્યાઓની કેળવણી માટે ખરી ઇન્તેજારી રાખતા હોય, તો તેમને જે કેળવણી મળેછે, તે પૂર્ણ અને સંગીન છે, તેમજ તેમની બાળકીઓ તેવી કેળવણીના સોબતી થવાને માટે બાળકોને ઉછેરવા માટે, ઘર ચલાવવા માટે, અને બીજાઓ પર માયાભાવ રાખવાને યોગ્ય થતી જાય છે, એ બાબત ઉપર લક્ષ રાખી તે તપાસતા જશે-પિતા અને ધણી તરફથી આવી કાળજીની ખરેખરી જરૂરછે, બીજી બાબતના ફાયદા ન વિચારતાં સ્વાર્થ તરફ લક્ષ રાખી વિચાર કરીએ તો આ વિષયને માટે આવી બેદરકારી ચાલુ રહે, એ ઘણી નવાઇની વાત છે, કેમકે એટલું તો ઘણું ખરૂં સાબીત થઇ ગયું છે કે હોશિયાર પુરૂષો હોશિયાર પિતાઓના કરતાં હોશિયાર અને ચંચળ માતાઓના પુત્રો હતા. માનસિક શકિત માતાઓ તરફથી ઉતરી આવેલી જણાયછે. હિંદુસ્થાનના લોકોના મગજની શકિત હિંદુસ્થાનમાં સ્ત્રીઓની કેળવણી જેટલી વધશે, તેટલી બીજી કશાથી વધવાની નથી. પણ પુરૂષો હમેશાં પોતાનેજ

માટે વિચાર કરનાર રહેશે નહિ, એવી આપણે આશા રાખીએ છીએ. બેશક માતાઓ બ્હેનો અને પત્નિઓની જીંદગીનું સુખ, આનંદ અને ઉત્સાહ, એ તેમનો ઘણો અગત્યનો વિષયછે. અને તેમાં તેઓ પુરતી કાળજી ધરાવશેજ.

જ્યારે તેઓ પોતે ખુલ્લી હવામાં ફરે છે, અને અનેક પુસ્તકો મેળાવે છે ને વાંચેછે, અને દોસ્તદાર ભાઇબંધોના સમાગમનો લાભ લેછે, તે વખતે તેમની માતાઓ, બેહેનો અને પત્નિઓ ઘર આગળ શું કરે છે? ઘણી ઉત્તમ પ્રકારની રસોઇ કરવાની હોય, તો તેને તે તૈયાર કરવાને ઘણો વખત લાગતો નથી, તેમનાં ઘર નાનાં હોય છે તેથી તે વાળવા ઝાડવાને વધારે વખત જતો નથી, અને તેમાં ઘરની અંદર ઘણાં માણસો હોય છે, ત્યારે ભાગે પણ કામ ઘણું થોડું આવે છે. આમ છે, ત્યારે સ્ત્રીઓનો ફુરસદનો વખત ગાળવાને તેણી શો ઉદ્યોગ કરે? રમત ગમતને માટે તે શું વખત ગાળવાને રહે છે? ....જો કદાચ પુરૂષો સ્ત્રીઓના જેવી આ પ્રકારની જીંદગી ગાળવાનો એક કલાક કે તેટલો નહિ તો એક અઠવાડીયું યત્ન કરશે તો અહા! કેવો મોટો ફેરફાર થઇ જશે? આમ થવાથી શાળાઓમાં મહેનત આપવાનું બંધ થશે, પુસ્તકોની સંખ્યા જોઇએ તેટલી મળશે. સ્ત્રી સદ્બોધદાયક પુસ્તકો સર્વેને વાંચવાને મળશે. એવી હું આશા રાખુંછું ખુલ્લી હવામાં ફરવાનું ને કસરત કરવાનું તેમજ રમતો રમવાનું થશે, અને હાલમા જે જીંદગી ઘણો વખત આળસુ ને કંટાળો આપનારી થઇ પડે છે, તે કરતાં જુદા જુદા પ્રસંગ આવશે, અને આનંદ અને ઉત્સાહ નજરે પડશે—

આ વખત આપણે બીજી કોમના ખરા અને લાભકારક રીવાજો, મત અને વિચારોનું અનુકરણ કરીનેજ આપણે સંસાર સુધારવાનો છે. અને તે અનુકરણ અંગ્રેજી અને પારસીની કેળવણી પરથી કરવાનું છે. માત્ર આપણા સંસારને અનુકુળ થઇ પડે, તેવું અને તેટલુંજ; કે જેથી આપણો સંસાર મર્યાદામાં, ધર્મમાં અને સુખમાં વિશેષ વધારો કરી શકે. આ અનુકરણ આજકાલ લોકો ધારે છે, તેટલું જોખમ ભરેલું નીવડશે નહિ. પણ ફાયદાકારક નીકળશે. એથી આપણો હીંદુ સંસાર ઉત્તમ પંક્તિપર આવશે. આર્ય પ્રજામાં જે વીર પુરૂષોની તુટ પડી છે, તે પ્રગટ

થશે. આર્ય મહિલાઓ દુઃખ અને પરવશપણું ભોગવતી હશે, તો તે ટળી જશે .અને પોતાના પતીને ધર્મથી, વિવેકથી અને માનથી રીઝવીને પતિવ્રત પ્રમદાઓ પતિના પ્રેમની પ્રસાદીનું ફળ મેળવીને સ્વતંત્ર બનશે. ને એથી સંસાર સુખમય થશે. પ્રજા નામાંકિત નીવડશે. સ્વદેશનો વિજય થશે, અને બીજા સંસારો આપણા ઉંધરતી કેળવણીથી કેળવાયલા સંસારનું અનુકરણ કરવા ઉતરી પડશે.

આપણો સંસાર દુઃખી એટલાજ માટે છે. વહેમના ઝુંડોના જથ્થો જામી ગયેલા હોવાથીજ સ્ત્રી કેળવણીથી આપણે પશ્ચાત છે, માટે જો ગૃહકાર્ય, ધર્મ બોધ, અને પ્રાચીન રીતિ પ્રમાણે બાળકોઓને શિક્ષણ મળે, તો સહજ સ્ત્રી પોતાનાં ગૃહકાર્યમાં દક્ષ બની જાય. અને જ્યારે તે પ્રવીણ બને ત્યારે તે ખચ્ચીત સંસાર સુધારાનું એક સોનેરી બિંદુ સુર્યપ્રતિ તેજ અને ચળકાટ મારતું થઇ શકે. માટે આપણા પડી ભાગેલા સંસારને તટસ્થ કરવા ઉપલી કેળવણી આપી સ્ત્રીને કેળવવી જોઇએ. સ્ત્રી કેળવણીના ચડતા જતા અને વધતા જતા સુધારાથી સંસાર સુધારણાનો અલભ્યલાભ મેળવવાને દરેક પુરૂષો તે તરફથી ઉમેદ રાખે, એ બનવા જોગ છે. કેમકે સ્ત્રી કેળવણી, માત્ર સંસારનાં સુધરેલાં સુખ સંપાદન કરવા માટેજ અપાય છે. પ્રાચીન ગ્રંથોપરથી પણ માલમ પડે છે, કે પૂર્વે પણ સ્ત્રીઓને શિક્ષણ આપવામાં આવતુ હતું. વચ્ચે જો કેવળ બંધ થતુ ગયું, અને સ્ત્રી શિક્ષણની બાબતમાં લોકોમાં વેહેમ કેમ પ્રસરી ગયો ? તે પ્રસંગ જણાતો નથી, પણ હવે એ પ્રાચીન રીતિનું ચિન્હ પ્રગટ થયું છે, એ સંતોષકારક છે. જોકે પ્રાચીન રીતિનું શિક્ષણ આજનાં શિક્ષણ સાથે જો કોઇ સરખાવે, તો તે તેમાં જૂદીજ જાતનો તફાવત માલમ પડે છે.

સ્ત્રી શિક્ષણમાં બે બાબત મૂખ્ય છે. પહેલું ગૃહશિક્ષણ અને બીજું ધર્મશિક્ષણ. ગૃહશિક્ષણ જ્યારે સ્ત્રીઓની મૂખ્ય ફરજ છે, ત્યારે ધર્મશિક્ષણ પ્રથમ ફરજને પ્રેરે છે: એટલે જોકે ગૃહશિક્ષણ અને ધર્મ શિક્ષણ વચ્ચે અન્તર છે, તો પણ ધર્મનું મૂળ જાણવા પછી ગૃહધર્મમાં સ્ત્રી સફળ થઇ શકે છે; માટે ગૃહશિક્ષણ શિખતાં ધર્મ શિક્ષણની મુખ્ય આવ-

શ્યકતા છે, અને એ પ્રાચીન રીતને પ્રગટ કરનારા મહાત્માઓએ પુખ્ત વિચાર કરી ડહાપણ બહાર પાડયું છે.

દરેક માણુસ પોતાની ફરજ કયારે સમજી શકવાને શકિત વાન છે. કે જ્યારે તેના મગજમાં ધર્મની દૃઢતા અને પ્રાચીન રીતિ રીવાજને પગ પેસારો કરે છે. આ શિક્ષણ પુરૂપ કરતાં સ્ત્રીઓને વધુ અગત્યનું અને ઉપયોગી છે. કેમકે સ્ત્રી, એ આ સંસારને કેવી રીતે ચલાવવો? તે ચલાવવાનો હજનેર છે. બાળથી તે વૃદ્ધાસ્ત્રી સુધી સ્ત્રીઓનેજ સંસાર વ્યવહારનું કાર્ય કરવું પડે છે, અને તેમ કરતાં જો ધર્મશિક્ષણથી બેનશીબ હોય. તો ગૃહકાર્ય કરવામાં સફળ કેમ થઇ શકે? માટે એજ ખાતર ધર્મશિક્ષણની જરૂર છે, સ્ત્રીઓની જે ફરજ છે, તે માત્ર ઘર સંસારી છે. જ્યારે પુરૂષોને દુનિયાદારીની જાહેર ફરજો અદા કરવી પડે છે. તો પણ મોટો આધાર સ્ત્રીઓપર રહેલો છે. ઘરનો વહેવાર અને તેનું સમાન સુખ, જો સ્ત્રી ઉત્તમ શિક્ષણવાળી ન હોય, તો પુરૂપ પોતાના જન્મારાથી કંટાળી જાય છે. કેમકે બહારના હજારો દુઃખો છતાં માત્ર ઘરનાં સુખથીજ પુરૂપ પોતાને ભાગ્યશાળી ને સુખી સમજે છે. પણ એ સુખ આપવાનુ જે સ્ત્રીના હાથમાં છેઃ તે કયારે સમજે છે કે જ્યારે તેને ધર્મબોધ થયો હોય ત્યારે તેના પવીત્ર અંકુરોથી તે પતી પ્રીતિની ફરજ સહજ સમજી શકે છે.

પતિ અન પત્નિ વચ્ચેના ધર્મો, દરેક બીજા સંબંધના ધર્મો કરતાં, પ્રથમ પંકિત ધરાવે છે. અને એ ધર્મ જાણવાને પ્રાચીન રીતિ, પ્રાચીન કાર્યો, પ્રાચીન લેખ, પ્રાચીન સંસાર અને પ્રાચીન ધર્મ જાણવાની સ્ત્રીઓને જરૂર છે. અગર તે ન જાણતાં માત્ર પોપટના પઢવાની પેઠે બે પાંચ ચોપડી શીખી અપૂર્ણ જ્ઞાને અભ્યાસમાંથી છુટી થાય, તો પછી આજકાલ જે લેબાશુ સુધારા અને અછાજતી અપૂર્ણ કેળવણીથી સ્ત્રીઓ ઘરસંસારનાં સુખ આપવાને બેનશીબ રહે છે ને ઉલટાં દુઃખરૂપ થઇ પડે છે. તેમ ન થવા માટે બહેતર છે કે અપૂર્ણ શિક્ષણ આપવુંજ નહિ.

આજકાલ જોકે હીંદુ સ્ત્રીઓમાં કેળવણીએ મોટો પગ પેસારો કર્યો છે, તો પણ તેનો મોટો ભાગ કેળવણીથી બેનશીબ છે. પુરૂષોમાં

હજુ અપૂર્ણતા છે, તો પછી સ્ત્રીઓ માટે શું પૂછવું ? તો પણ જેમ વખતનો ફેરફાર થતો જશે, તેમ તેમ અજ્ઞાનતા દુર થઇ જુના અને વહેમી રીવાજો હશે, તે નાશ થઈ શુદ્ધ કેળવણીના તેજથી પ્રકાશતા થશે.

હીંદુ જ્ઞાતીનાં મર્યાદાનાં બંધનથી અથવા તો વધુ શિક્ષણ લ્હેતાં છતાં પ્રસિદ્ધીમાં ન આવવાના ખોટા ખ્યાલથી, અથવા ગમે તે રીતે પણ જ્યારે હીંદુ સ્ત્રી શિક્ષક ન મળવાથી મુંબઇની કેટલીક હીંદુ કન્યાશાળામાં ખાસ પારસી શિક્ષકો રાખવાની જરૂર પડી છે, એજ કહી આપે છે કે હજુ હીંદુ બાળાઓ જોઇએ તેટલા પ્રમાણમાં શિક્ષણ આપી શકવાને બહાર પડી જણાતી નથી. અથવા હશે તો સંસારી શરમના દિગ્બંધપણાથી છુપી રહેલી હશે—પણ જ્યારે એમ સદા ચાલશે, તો પછી સ્ત્રી શિક્ષણના બાબતમાં વધારો સુધારો થશે ક્યારે ? અને અપૂર્ણતા પૂર્ણ થશે ક્યારે ? હીંદુ સ્ત્રીઓને હાથે અપાતું ધર્મશિક્ષણ ખચીત અસર કરનારૂં છે, અને તેથી શાળામાં શીખતી કન્યાઓને વધુ લાભ મળવાનો સંભવ છે: કેમકે ગૃહ સંસાર અને ધર્મ રીતિ, સ્વજ્ઞાતીની શિક્ષક તે સર્વે જાણી શકે છે: પણ લાચારીએ જ્યારે તેમના લાગતા વળગતાઓને હીંદુ સ્ત્રી શિક્ષક નથી મળતી, ત્યારે બીજા ઉપાયો યોજવા પડે છે. એથી કરીને કાંઇ શિક્ષણ કમતી અપાય છે, એમ નથી: પણ ગૃહશિક્ષણ અને ધર્મ શિક્ષણમાં હીંદુ શિક્ષક સિવાય કંઇક ખામી આવે; અગર ગૃહ શિક્ષણની કેટલીક બાબત શાળામાંથી સંપાદન થાય, તો કેટલીક ગૃહની તાલીમથી મળી શકે, પણ ધર્મ શિક્ષણ જેવી ગહન બાબત શાળા સિવાય કહીએ મળવી અને મગજમા ઠસવી મૂશ્કેલ થઈ પડે. અલબત હીંદુ ધર્મના રીતિ રીવાજો અને રાહ રસમ જોવા જો ધારે તો ખાનગી શુદ્ધવૃત્તિથી ઘરની કથા વાર્તાઓ, શાસ્ત્રીઓના બોધથી પોતાનો ધર્મ સમજી શકવાને દરેક કન્યા શકિતવાન થાય, પણ આજકાલ સુધારાના બળે થોડા શિક્ષણનો પ્રવેશ થવાથી કન્યાઓ ફરજ્યાત શિક્ષણ વિના ઉપયોગ કરી શકેજ નહિ અલબત કહી આ માટે સ્વાલ ઉભો થાય, કે પરણેલી બાળા શાળામાં તો શિક્ષણ લહે નહિ. ત્યારે પછી શું કરવું ? પણ શાળામાં તો ફરજ્યાત થઇ પડે, ને હમેશનો બોધ જારી રહે, તો પથ્થર પણ એક વખતે જમાનાના ફેર ફારે, ઋતુના પ્રભાવે, કે કુદરતના કાયદાની બલિહારીએ પીગળે. પણ

નિર્બંધ ગૃહમાં એ શિક્ષણ અસર કરી શકે નહિ. માટે ધર્મશિક્ષણ તો શાળા તરફથી ખાસ મળવું જોઇએ. જો કે દરેક વર્ગની સ્ત્રીઓને ધર્મ શિક્ષણ મળ્યા પછીજ તેની વિશુદ્ધિ થાય છે, તો પણ હાલના સુધારામાં તો હીંદુ બાળાઓને તો મુખ્ય બીજા શિક્ષક કરતાં ધર્મ શિક્ષણ અને પ્રાચીન રીવાજો જાણવાની અગત્યછે. અને જ્યાં સુધી એ અગત્યતા પુરી પડશે નહિ, ત્યાં સુધી કદીપણ હીંદુસંસાર યોગ્ય રીતે સુધરવા બદલે બીજા લોકોના ખોટા સુધારાની નકલ કરી વધુ બગડતો ચાલશે. ત્યારે આખરે થશે એવું કે તેથી સંસાર નાપાયદાર અને પાયમાલ થઇ જશે. જોકે એવો સુધારો હીંદુ સંસારમાં હળાહળ પ્રવેશ થવાને સેંકડો વરસો જોઇએ, તોપણ તેને બંધ કરવા પ્રાચીન ધર્મ સંપાદન થાય તો તે સંસાર સંગીનપણે અસલ પદ્ધતીપર ચાલી શકે.

આજકાલ કન્યાશાળાઓમાં જે ધર્મશિક્ષણ અપાતું હશે, તે જોઇએ તેવી રીતે પૂર્ણ નથી, એમ તો કહેવાનીજરૂર પડશે. કેમકે હીંદુ કન્યાઓને જે બાબત જોઇએ, તે બતલાવવાને વડી શિક્ષણ શક્તિવાન નથી. અર્થાત્ પારસી બાનુંઓથી તેટલી આશા રાખી શકતા નથી. હવે જ્યારે સ્વભાવિક પારસી બાનુઓથી હીંદુ ધર્મશિક્ષણની આશા ન રખાય, અને હીંદુ ધર્મશિક્ષણ ન મળે તો શું કરવું? માત્ર એટલુંજ કે કોઇ વિદ્યાસુ, પુખ્ત અને વિદ્વાન સ્ત્રી રાખવી, કે દરવખતે એ વિષયપર ચર્ચા ચલાવે. પ્રાચીન ધર્મ, પ્રાચીન સંસારના રીતિ રીવાજો, અને પ્રાચીન પદ્ધતિના દાખલાઓ બતાવી, વખતો વખત અરસપરસ કન્યાઓમાં ધર્મ ચર્ચા ચલાવે, એમ થવાથી ગમ્મત સાથે બાળાને જ્ઞાન પેદા થશે. પ્રાચીન પંથો જાણવા શીખશે, અને ધર્મને વર્તવામાં તે એક વખતે પણ સ્નેહમંદ ઉત્તરશે. આ બાબત ખચીત હીંદુ કન્યાશાળાના લાગતા વળગતાઓને ધ્યાનમાં લેવાની છે. અને તેમ કરીને આજે જે શિક્ષણ મળતું હોય, તેમાં અગત્યનો સુધારો કરી ખરાં શિક્ષણ આપવાને ધ્યાન આપવું જરૂરનું છે.

પારસીઓની કન્યાશાળામાં જ્યારે આપણે જોઇએ છઇએ, ત્યારે આપણને તેઓનાં ધર્મશિક્ષણનો વિષય સારા પાયાપર ચાલતો લાગેછે.

જો કે એ શિક્ષણ સંપાદન કરીને વર્તવું, તે ખુદ બાળાની અક્કલ પર આધાર રહેછે; તોપણ જો એ શિક્ષણ તેઓ ખરેખરી રીતે સંભાળી શકે, તો આજકાલ પારસી સંસાર પ્રાચીન કાળ પ્રમાણે વખાણવા લાયક થઇ પડે. આપણને એ શિક્ષણનો દાખલો એટલા માટે અનુકુળ થઇ પડે કે હજુ હીંદુ સંસાર શરમ અને મર્યાદાનાં બંધનથી ભરપુર છે. તેમાં જો ધર્મશિક્ષણની શરૂઆત થઈ હોય, તો અલબત સુધરતા જમાનામાં હીંદુ કોમની સ્ત્રીઓ માટે ભવિષ્યમાં સારીજ ઉમેદ બંધાય. પણ એ ઉમેદો ત્યારેજ બંધાય કે જ્યારે કન્યાશાળામાં ઉત્તમ પ્રકારે દરેક વ્યવહારિક શિક્ષણ સાથે ધર્મ શિક્ષણ પણ અપાય.

સ્ત્રીકેળવણી માટે આટલી બાબત અગત્યની છે. ૧ સ્ત્રીઓના ધર્મ અને તેનું પ્રતિપાદન–૨ કેળવણી અને ઉપયોગ. ૩ ગૃહકાર્ય અને સદાચરણ ૪ પતિસેવા અને દક્ષતા. આ વિષય ચર્ચાયા પછી એજ ઉધરતી કન્યાઓના મગજમાં, તે પછીની જીંદગી અને સંસાર સુખની વૃદ્ધિ માટે વધુ ઉપદેશ થવો જોઇએ.

૧ મૂખ્ય પ્રાચીન કાળમાં સતી સ્ત્રીઓ પોતાના ધર્મમાં ચુસ્ત રહેવાને ખાતર મહાન સતીઓનાં સતસંગમાં આવીને પોતાનાં હૃદયને દૃઢ બનાવતી, જ્યારે આજકાલ મોજ શોખમાં ધર્મચુસ્તપણું માને છે. પૂર્વે સ્ત્રીઓ ધર્મજ્ઞાન મેળવવાને સ્ત્રીઓના મેળાવડા કરતી; તે વેળા સર્વે સ્ત્રીઓ ધર્મ ચર્ચા ચલાવતી. આજે સ્ત્રીઓનું મંડળ મળે, તો નિંદા ચર્ચા, અને કંકાસ ઉત્પન્ન કરશે. એ સમયની સતીઓમાં આ પ્રમાણે લક્ષણ જોવામાં આવતાં હતાં. તે પ્રથમ પોતાની મનસ્વી શક્તિ અને ઇંદ્રિઓના વિકારો વશ રાખી શકે છે. તેઓમાં દૃઢતાનો મોટો ગુણ હોય છે. એ સ્ત્રીઓ સદા પતીસેવામાંજ પોતાની મહદ્‌તા સમજે છે. પુરૂષોના મંડળમાં ભેળાતી છતાં તે સર્વમાં નમ્ર અને સામાન્ય દૃષ્ટિ ફેલાવી શકે છે. સાસરવાસમાં કંકાસ ન કરતાં સર્વ પ્રત્યે સ્નેહ બતાવીને સદા સુખી રહે છે. તેઓ મન પસંદ ભરથારને વરે છે. અને તે પતીપ્રેમમાં ચુસ્ત રહી સેવા બજાવે છે. તે ઉડાઉ ખર્ચ કરતી નથી.

પતી વિયોગમાં તે બ્રહ્મચર્યાવસ્થા પાળે છે. દેવ દર્શનના ખોટા આડંબર છોડીને તેણી પતિભક્તિમાંજ આનંદ માને છે. દેવ, ગાંધર્વ કે, મનુષ્ય, ગમે તેવા સ્વરૂપવાળા, વિદ્વાન કે દ્રવ્યવાનપર મોહાવા બદલે શુદ્ધ દૃષ્ટિ રાખી શકેછે. શરીરનાં વસ્ત્રોનું આચ્છાદન શુદ્ધ બુદ્ધિથી સરસ રીતે કરી શકે-છે. અલંકાર કે વસ્ત્રોથી પોતાના સૌંદર્યની શોભા માનતી નથી. તે પ-તિપ્રેમ એજ ખરૂં સ્વરૂપ સમજે છે. તે સોભાગ્યવતીજ રહે છે. કેમકે તે પતી સાથેજ સતી થઇ જાય છે. અને એવાં સત્કર્મોથી એવી સ્ત્રીઓ લોકમાં પૂજાય છે.

पतिव्रत्तापतिप्रणा मानार्रा धर्मभागिनी
शुश्रुषा परिचर्याच्च करोत्य विमना सदा ।

૨ કેળવણી અને તેના ઉપયોગ વિષે એવું જણાય છે, કે પ્રાચીન કાળ-માં કન્યાઓ પાઠશાળામાં ખાસ શીખવા ન જતી, એમ ન હતું. ગુરૂકુળમાં પાઠ-શાળા હોય, ત્યાં તેઓ શીખવા જતી, છોકરા સાથેજ છોડીઓનું શિક્ષણ ચા-લતું, પણ છોડીઓને શીખવવાની કેટલીક બાબત જૂદી હતી. એક શા-ળાનું સ્થળ છતાં છોડીઓની શિક્ષક ૠષીપત્નિ હતી. જે સતી સ્ત્રી સર્વ બાળાને પ્રાચીન રીતિ, રીવાજે બતાવતી. શિક્ષણમાં વાંચન પુરૂ જાણી શકે, વાંચતાં લખતાં અને શુદ્ધ બોલતાં જાણે, તેટલું સંસ્કૃતનું જ્ઞાન આપે; અને તે ઉપરાંત ગૃહકાર્યનો ભાગ બતાવે, એટલુંજ નહિ પણ તે સતીઓ સ્ત્રીઓના ધર્મ અને પતી સેવાની રીતિઓ બતાવવામાં, કન્યાઓનાં હૃદયને દ્રીભૂત બનાવવામાં અને બાળાઓ હર્ષથી એ ધર્મનું પ્રતિપાદન કરે, એવો શુદ્ધ પ્રબોધ કરી શિક્ષણની અસર કરતી. ૠષિપત્નિઓ એ કાર્યમાં બહુ કુશળ ગણાતી. તેમણે આપેલી કેળવણીનો ઉત્તમ ઉપયોગ કરીને નિર્દોષ કન્યા-ઓ પોતાનું નામ સાક્ષાલક્ષણિક પતિવૃતા યા સતી તરીકે પ્રસિદ્ધ કરતી. કે જે ઉપયોગથી સૃષ્ટીની પ્રજા, સર્વ ઉદ્યમી અને વિદ્વાન નીકળતી હતી. જ્યારે આજની પ્રજા વર્ણશંકર જેવી ઉત્પન્ન થાય છે. માત્ર એ અધૂરી કેળવણી અને શિક્ષણનોઆડે માર્ગે ઉપયોગ કરવાનું ચિન્હ છે. કેમકે સૃષ્ટીયંત્ર ચલાવનાર સ્ત્રીરૂપી ઇજનેર જો પૂખ્ત અને કેળવાયલો ન હોય, તો શું

એ યંત્રો યોગ્ય રીતે ચાલે ? નાહક યંત્રો કટાઇ જાય, કે ભાગી જાય, અને તેથી દુનિયાનું સત્યાનાશ વળી જાય. જો કદી કોઇ ઇજનેર " અધુરો ઘડો છલકાય" તેમ ડહાપણ વાપરે તો તેથી "બે બગડે બાવીસ" જેવું પણ થઇ જાય.

૭- ગૃહકાર્ય અને સદાચરણની બાબતમાં કેળવાયલી માતા પોતાની કન્યાને તેના સાસરવાસમાં મૂકવા અગાઉ ગૃહકાર્યમાં દક્ષ બનાવતી. પાકશાસ્ત્રનું કામ કન્યા કરતી. કરકસર અને ગૃહધર્મ બતાવવા ઉપરાંત થોડા ખરચે સુંદર રસોઇ બનાવવાનું શિખવતી. ગૃહશિક્ષણ લેનારી બાળા, પોતાની કેળવાયલી માતાના હાથ તળે તાલીમ લહીને સાસરામાં શાબાશી મેળવતી. એ વખતમાં મુખ્ય ગૃહકાર્યની હરીફાઇ હતી, અને ગૃહકાર્યમાં ઉત્તમ સ્ત્રીનાં વખાંણો દેશો દેશ થતાં હતાં. જ્યારે આજની સાધારણ વર્ગની સ્ત્રી પણ ખોટો સુધારો ધારણ કરીને આડંબર કરવા લાગી છે. અને ગૃહકાર્ય તો ગુલામી ધંધો અથવા તો નીચ નોકરી તુલ્ય માને છે. પણ તે થોડાં સમજે છે કે એવા વિચારથી સંસારનું સત્યાનાશ વળીને, ઘરના ખર્ચો બમણા વધી જાય છે. પોતાની કાળજી વિરૂદ્ધ જે થાયછે, તે કામ અસંતોષ ઉપજાવે છે, અને બારીક વખત આવતાં પોતાની જીંદગીનાં સુખમાં વિઘ્ન પડે છે. ઇંગ્લંડના રાજ્યકીય કુટુંબમાં પણ એક જાતનો આજે એવો શોખ છે કે. મહેનત કરીને પણ ગૃહકાર્ય સુધારવું. કહો, એ રીતિ શામાટે પસંદ ન કરવી ? કરકસર કરતાં કાં ન શીખવું ? જાતે ગૃહકાર્યમાં કાં ભાગ ન લહેવો ? આ વિચાર જો કે સર્વે નિયમમાં હોય છે, તોપણ આપણાં માનવંત રાજ્ય કુટુમ્બને તે માટે ધન્યવાદ ઘટેછે. રાજ્ય કુટુમ્બ કંઇ લાભ ખાતર કસર નથી કરતું, પણ પ્રજાને દાખલો બતાવે છે. આપણી હિંદી પ્રજા અંગ્રેજ કુટુંબમાં ચાલતો સુધારો હાથ પકડી ખોટા ખ્યાલ ધારણ કરીને પોતાનું સુખ પોતેજ ગુમાવે છે. અને તેથી તેની પ્રજા પૈસા ટકા અને સુખઆરામ બદલે વ્યાધિ ભોગવે છે. એ વ્યાધી કેળવણીનો અપૂર્ણ અભ્યાસ અથવા તો તેનો ગેરઉપયોગ થવાનુંજ તત્વ છે.

૪—પતીસેવા—એ એક ઉત્તમ વિષય તરીકે પ્રાચીન ભક્તિવતી સ્ત્રી પોતાના ધણી સાથે સુખમાં રહીને પોતાની જીંદગીને બંધનરૂપ ન સમજતાં સ્વતંત્રતા ભોગવવા પતિની ઇચ્છાપૂર્વક કાર્ય કરતી. પતિ, એજ પરમેશ્વર છે. તેથીજ સુખી સંસારછે. પતિ એજ પોતાનું સ્વરૂપછે-અને પતિ એજ જીવન જીવનદાતા છે. એમ માની સતીઓ છેવટ સુધી પોતાના પતિમાટે પ્રાણ આપવા તૈયાર થતી. આજકાલની સ્ત્રીઓ તો જેમ પતિને પોતાનો વેઠીયો કે નોકરછે. વળી પતિ તો એક ફરજ્યાત બોજો ઉઠાવનાર છે. એમ સતીઓ માનતી નહિ. પતિની સ્થિતી જોઇને તેઓ ચાલતી. પતિની તે આજ્ઞા ઉઠાવતી. તેઓ પોતે પોતાને ડાહી સમજતી. આજકાલની શોખીન અને સુધારાના નામને કલંક બેસાડનારી સ્ત્રીઓ શોખ પૂરો કરવા ધણીપર અસહ્ય બોજો નાંખે છે. અને પાસે પૈસા હોય કે નહોય, તોપણ શોખ પૂરો કરવાની હઠ કરેછે; તેવી સતીઓ પ્રાચીનકાળમાં ન હતી. રાજવંશીની છોકરી પણ ગરીબ અવસ્થાના પતીસાથે વરીને સુખ માનતી. માત્ર ગુણ પરજ તેઓ વરતી. દાખલા તરીકે સતી સાવિત્રી—એક મહાન રાજકન્યા છતાં ગરીબ કુળના રાજકુમાર સાથે પરણીને પણ તે જંગલમાં વસી સુખ માનતી; તેણીએ પોતાના પતિને મરણથી બચાવ્યો હતો. વળી " બાળકોને કેમ ઉછેરવાં " એ સંબંધી પણ રૂપીપતિ શાળામાંજ કન્યાઓને શિક્ષણ આપતી. અને એ શિક્ષણ આ દુનિયાને એટલું તો ઉપયોગી થતું કે તેથી ભરતખંડ એક સમયે મહાન ઉદ્યોગી અને ધનાઢ્ય હતો; પણ આજની કેટલીક વર્ણશંકર પ્રજાથી અને સ્ત્રીકેળવણીના ખોટા ઉપયોગથી હીંદુસ્થાનનો અસ્ત થવા લાગ્યો છે. સુચિન્હતો જણાયછે. કે સ્ત્રીકેળવણીના સદુપયોગથી ફાયદો થશે, અને ભવિષ્યમાં હીંદુસ્થાન પ્રાચીન રૂપ પકડશે, પણ જો અધૂરી અને ધર્મજ્ઞાન વિના કેળવણી અપાશે, તો કદીપણ ભરત ભૂમિ પોતાના સંસારમાં ફળીભૂત થશે નહિ. બાળકોને કેળવવાની અને તેને સુઘરતાં બનાવવાની માતાઓ કલ્પના ક્યારે કરી શકે કે જ્યારે આપણી શાળાઓમાં કન્યાઓને ધર્મજ્ઞાન અને પ્રાચીન રીતિ સમજાવવામાં અર્થાત્ દૃઢ કરાવવામાં આવે. એ સિવાય કદી પણ હીંદુ પ્રજાનો ઉદય થવા-

જોઇએ નથી. સારે નશીબે હીંદુ કુટુંબમાં હલકો અને નામનો (Nominal) સુધારો પેઠો નથી. એટલામાંજ સમજીને ધર્મબોધનો જો દૃઢ પગ પસારો કરે, તો અવશ્ય ભવિષ્યમાં હીંદુ પ્રજા એક ઉત્તમ ધર્માધિકારી તરીકે વખણાવા ઉપરાંત ધનાઢ્ય અને સુખી થઇ જાય. વળી હજુ હીં સ્ત્રીઓના અંકુરો પારસી સ્ત્રીઓ કે, અંગ્રેજ સ્ત્રીઓ જેટલા સ્વતંત્ર નથી વળી તેઓ મર્યાદાની હદ બહાર ગએલી નથી, તેમાં જો કન્યા કેળવણીનો સારો બંદોબસ્ત થાય, તો ભવિષ્યની પ્રજા કેળવાયલી અને ઉત્તમ કહેવાય. ટુંકમાં ખરેખરી રીતે જોતાં સ્ત્રીઓને કેળવણી આપવા પહેલાં ધર્મજ્ઞાન, રીતિ રીવાજથી વાકેફ કરવી જોઇએ. અને કન્યાઓને ગૃહશિક્ષણ આપીને ઉત્કૃષ્ટ વિચારની બનાવવી જોઇએ. માત્ર એ સર્વે કન્યાશાળાના લાગતા વળગતાએજ ધ્યાનપર લેવું જોઇએ.

દોહરો.

સ્ત્રી કેળવણીથી સદા સુખ શાંન્તિ આરામ;
છે સંસાર સુખી સદા ઠામ ઠામ સુખ ધામ.
સ્ત્રી કેળવણીથી ઉદય સ્વદેશનો છે નામ;
જો સ્ત્રી કેળવણી વધે તો સુધરે જગ કામ.
ઇચ્છે મહાન ધનાઢ્ય જો જો ભીંડ વધુ હામ;
ધર્મજ્ઞાન દેવાથકી ખરચે અઢકાં દામ.
થાય હીન સૌ જાતનું ઉદય થાય શુભ નામ;
શિક્ષકની એ વીંનતી માની લહો દીન સ્યામ.